www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# GUJARATI

**PAPER – II**

**CODE-06**

Name & Signature of the Invigilator

........................................................

........................................................

OMR Answer Sheet No. : 

Roll No. : 

(in figures as in Hall Ticket)

Roll Number in words : ........................................

........................................................................

Question Booklet Sl. No. 062144

**Time : 2 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example:** (A) ⬬ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.

SEAL

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval)ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ⬬ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

DO NOT WRITE HERE

Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

# GUJARATI
## Paper – II

1. ‘માઈલસ્ટોન ઈન ગુજરાતી લિટરેચર’ – ગુજરાતી સાહિત્યના ઇતિહાસ લેખન વિષયક આ ગ્રંથના કર્તા કોણ છે ?
   (A) કનૈયાલાલ મુનશી
   (B) ગોવર્ધનરામ ત્રિપાઠી
   (C) કૃષ્ણલાલ ઝવેરી
   (D) નરસિંહરાવ દિવેટિયા

2. ‘મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું’ પંક્તિમાં કયા પ્રકારની વક્રતા છે ?
   (A) પદપરાર્ધવક્રતા
   (B) પદપૂર્વાર્ધવક્રતા
   (C) વર્ણવિન્યાસવક્રતા
   (D) વાક્યવક્રતા

3. વિજયરાય વૈદ્યે કોની વિવેચનાને ‘મધુકરનો ગુંજારવ’ કહી ઓળખાવી છે ?
   (A) નર્મદ
   (B) આનંદશંકર ધ્રુવ
   (C) નવલરામ
   (D) મણિલાલ દ્વિવેદી

4. ભાષાનું ઐતિહાસિક (પારિવારિક) વર્ગીકરણ કયા આધારે કરવામાં આવે છે ?
   (A) સંબંધતત્વ
   (B) અર્થતત્વ
   (C) વ્યાકરણ
   (D) રૂપતત્વ

5. ‘મોટિફ : મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય સંદર્ભે’ વિષય પર કોણે નોંધપાત્ર સંશોધનકાર્ય કર્યું છે ?
   (A) દર્શના ધોળકિયા
   (B) કીર્તિદા શાહ
   (C) નીતા ભગત
   (D) પિનાકિની પંડ્યા

6. ‘Personal Essay’ માટે ‘સર્જકનિબંધ’ શબ્દપ્રયોગ કોણે કર્યો હતો ?
   (A) ઉમાશંકર જોશી
   (B) સુંદરમ
   (C) કાકાસાહેબ કાલેલકર
   (D) પ્રવીણ દરજી

7. ‘શ્રીમદ્ ભાગવત’ માં કેટલા સ્કંધ છે ?
   (A) અગિયાર
   (B) એકવીસ
   (C) સોળ
   (D) બાર

8. કઈ કૃતિમાં વ્યક્તિની ભક્તિત્વ સંદર્ભે વિડંબના થઇ છે ?
   (A) બહિષ્કૃત ફૂલો
   (B) ધ્રિબાંગસુંદર એણીપેર ડોલ્યા
   (C) અંગત
   (D) આઠોજામ ખુમારી

[redacted]

Prepp Your Personal Exams Guide

9. અનુવાદકને 'સંસ્કૃતિનો એલચી' કોણે કહ્યો છે ?
(A) કાકાસાહેબ કાલેલકર
(B) ગાંધીજી
(C) આનંદશંકર ધ્રુવ
(D) કિશોરલાલ મશરૂવાળા

10. લોકપ્રિય સાહિત્ય માટે 'Popular Culture' સંજ્ઞા કોણે પ્રયોજી છે ?
(A) ટોની મોરીસન
(B) યુજીન ઇયોનેસ્કો
(C) જહોન ગોટ ફ્રાઈડ
(D) વોલ સોયન્કા

11. ચુનીલાલ મડિયાનો કયો વાર્તાસંગ્રહ નથી ?
(A) ઘૂઘવતાં પૂર
(B) શરણાઈના સૂર
(C) ક્ષણાર્ધ
(D) નંદીઘર

12. ટી.એસ. એલિયટે કયા મુદ્દાની ચર્ચા કરી નથી ?
(A) Classicism
(B) Objective Co-relative
(C) Theory of Idea
(D) The Three Voices of Poetry

13. કયું વિધાન નર્મદનું નથી ?
(A) આવ ગિરા ગુજરાતી તને અતિશોભિત હું શણગાર સજાવું
(B) રાગડાને કવિતા સાથે કંઈ જ સંબંધ નથી
(C) રચના રૂડી છંદમાં તે કવિતા નવ હોય
(D) અર્થચમત્કૃતિ ચિત્ર તે કવિતા રસથી હોય

14. ભારતીય ઉપખંડમાં દ્રવિડી ભાષાકુળની કઈ ભાષા બોલાતી નથી ?
(A) મલયાલમ
(B) મણિપુરી
(C) તેલુગુ
(D) કન્નડ

15. 'Hypothesis' સંજ્ઞા માટે ગુજરાતીમાં કયો પર્યાય પ્રયોજાયેલો નથી ?
(A) ઉત્કલ્પના
(B) પૂર્વધારણા
(C) પરિકલ્પના
(D) પરિયોજના

16. સોનેટમાં કયો પ્રકાર ગણાવાયો નથી ?
(A) રિલ્કેરિયન સોનેટ
(B) શેક્સપિરિયન સોનેટ
(C) પેટ્રાર્કન સોનેટ
(D) મિલ્ટનસાઈ અથવા અનિયમિત સોનેટ

Prepp
Your Personal Exams Guide

17. 'મહાભારત'ના વિરાટપર્વમાં કયો પ્રસંગ નિરૂપાયો નથી ?
(A) 'કીચકવધ' પ્રસંગ
(B) 'નરોવા કુંજરોવા' ઉચ્ચરિત વચન
(C) અભિમન્યુ ઉત્તરાનો લગ્નપ્રસંગ
(D) 'ગૌ ગ્રહણ પ્રસંગ'

18. 'રણયજ્ઞ' માં કઈ પંક્તિ નથી ?
(A) કેમ નમું હું નર વાનરને ?
(B) તુંથી સીતા નથી જીતાતી : તો કયમ જીતાશે રામ ?
(C) હઠ મૂકો હઠીલા રાય ! હોરે હઠીલા રાણા
(D) વા'લા તારા વે'ણ સપનામાં પણ સાંભરે

19. વિશ્વસાહિત્યની ચર્ચાવિચારણામાં કોનું પ્રદાન નથી ?
(A) ગ્યૂઈથે
(B) વિભૂતિભૂષણ બંદોપાધ્યાય
(C) રેને વેલેક
(D) રવીન્દ્રનાથ ટાગોર

20. ફિલ્મ વિષયક કયો ગ્રંથ યાસીન દલાલનો નથી ?
(A) ફિલ્માંતર
(B) સત્યજીતની સિનેસૃષ્ટિ
(C) સત્સંગ સિનેમાનો
(D) ફિલ્મદર્શન

21. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) પંચીકરણ, અનુભવબિંદુ, જ્ઞાનગીતા
(B) સપ્તશતી, રામવિવાહ , મૃગી આખ્યાન
(C) પ્રેમપચીશી, પાંડવવિષ્ટિ, ચાતુરીચાલીસી
(D) વિદ્યાવિલાસિની, જ્ઞાનબત્રીસી, મદનમોહના

22. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) જગન્નાથ, રસગંગાધર, કલ્પનાવિચાર
(B) યશપ્રાપ્તિ, અર્થપ્રાપ્તિ, અમંગળનિવારણ
(C) વાક્યવક્રતા, વિચારવક્રતા, પ્રકરણવક્રતા
(D) કારયિત્રી પ્રતિભા, ઔત્સુક્ય પ્રતિભા, ભાવયિત્રી પ્રતિભા

[redacted]

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

23. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) વૃત્તિમય ભાવાભાસ, ધર્મ અને સમાજ, રાગધ્વનિકાવ્ય
(B) વિચારપ્રધાન કવિતા, નારિકેલરસ પાક, ડોલનશૈલી
(C) મધુદર્શી સમન્વયકાર, કાવ્યતત્વવિચાર, શુદ્ધકવિતા
(D) કાવ્યનીશક્તિ, શ્રી અને સૌરભ, બૃહતપિંગળ

24. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) છીંક, ખડકી, મુખ
(B) એલચી, અપીલ, કંગન
(C) હસ્ત, હૃદય, વાપી
(D) કરણ, માતા, મધુ

25. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) ચારણી સાહિત્યવિમર્શ, ચારણી સાહિત્યસંદર્ભ, ચારણી બારમાસી કવિતા
(B) દુહો દસમો વેદ, લોકવાર્તા, દુહા અમારા દેશના
(C) હોળી ગીતો, રાજના આદિવાસી છેલિયા, ડાંગી લોકકથા
(D) સોરઠી સંતો, રંગ છે બારોટ, ડોશીમાની વાતો

26. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) સત્યના પ્રયોગો, મુક્તિવૃત્તાંત, જલસાવતાર
(B) કાકાની શશી, સંયુક્તા, ધાડ
(C) છિન્નપત્ર, કોણ ? , ગૃહપ્રવેશ
(D) વસંતવિજય, ઉપહાર, અભિસાર

prepp
Your Personal Exam Guide

27. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) દુષ્યન્ત, શકુન્તલા, કૈકશી
(B) શર્વિલક, શકાર, ધૂતા
(C) વિભીષણ, મદનિકા, મંદોદરી
(D) કર્ણ, ઇન્દ્ર, દર્દૂરક

28. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) વધામણી, મોગરી, ઠાગાઠૈયા
(B) હળવે હળવે, શ્રાવણી મધ્યાહ્ને, ઇંધણા વીણવા ગૈતી
(C) મુંબઈનગરી, પથ્થર થર થર ધ્રુજે, કલાકોથી
(D) ઉપહાર, જૂનું પિયરઘર, આગેકૂચ

29. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) કમલા, ગૌતમ, રામલાલ
(B) લિયો પોલ્ડ બ્લૂમ, બેરાર્દો, મોલીબ્લૂમ
(C) ઈડિપસ, પેપિનો, મ્યૂરસો
(D) મેક્ડફ, બેન્કો, સિવર્ડ

[redacted]

Prepp
Your Personal Exams Guide

**30.** સર્વથા સંગત જૂથ જણાવો.

(A) લેખિની, ગુજરાતી સાહિત્ય સંસદ, ફાર્બસ ગુજરાતી સભા
(B) ગુજરાત સાહિત્યસભા, ઝરૂખો, બુદ્ધિવર્ધકસભા
(C) ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય ફોરમ, સંવિતિ
(D) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રેમાનંદ સાહિત્ય સભા

**31.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ગૌતમ, મંગલપાંડે, રુદ્રદત્ત
(B) આત્રેય, પુષ્પસેન, શીલભદ્ર
(C) ગંગસર્વજ્ઞ, સામંત, ગંગા
(D) રૂખડશેઠ, સિપારણ, ગોદડવાળો

**32.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) પોએટિકસ, અનુકરણનો સિદ્ધાંત, વિરેચન
(B) બાયોગ્રાફિયા લિટરેરિયા, કલ્પના અને તરંગ, સાર્વત્રિકતા
(C) અન્ડરસ્ટેન્ડિંગ પોએટ્રી, ગાયનોક્રિટિસિઝમ, સંકેતક- સંકેતિક
(D) ઓફ ગ્રામેટોલોજી, ડિફરાન્સ, વિગ્રથન

**33.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) સહવર્તી – પરવર્તી, અછાંદસમીમાંસા, મધ્યમાલા
(B) તત્વસંદર્ભ, સંકેતવિસ્તાર, પ્રતીતિ
(C) કાવ્યચર્ચા, શ્રુણવન્તુ, અરણ્યરુદન
(D) સાહિત્યિક તથ્યોની માવજત, વિવેચનની ભૂમિકા, વ્યાપન

**34.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) વ્યાકરણ વિમર્શ, ભાષાશાસ્ત્રની કેડીએ, રૂપશાસ્ત્ર: એક પરિચય
(B) ગુજરાતી વિભક્તિવિચાર, ગુજરાતી વાક્યરચના, એક દેશ: એક લિપિ
(C) વ્યુત્પત્તિવિચાર, થોડોક વ્યાકરણવિચાર, અનુશીલનો
(D) હાલારી બોલી, બોલીવિજ્ઞાનના કેટલાક પ્રશ્નો, ભાષાવિવેચન

**35.** સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) લોકવિદ્યાવિજ્ઞાન, ગુજરાતી લોકસાહિત્ય, લોકસાહિત્યભણી
(B) ધરતી ફોરે ફોરે, લોકરંગ, લોકધારે
(C) ભાણ એક રૂપક પ્રકાર, સંશોધનને માર્ગે, ભાલણ : એક અધ્યયન
(D) પઉમચરિઉ, વસુદેવ હિંડી, રાઉલવેલ

[redacted]

www.prepp.in

36. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) જનાન્તિકે, દૂરના એ સૂર, ઘાસનાં ફૂલ

(B) કુમારની અગાશી, અશ્વત્થામા, પીળું ગુલાબ

(C) નો પાર્કિંગ, વૃક્ષ, સહરાની ભવ્યતા

(D) વ્યાજનો વારસ, જનમટીપ, મળેલા જીવ

37. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) કુરુત્તમ્મા, પલની, પરીકુટ્ટી

(B) લીઝા, બખ્શીજી, જરનૈલસિંહ

(C) અમૃતા, સેરગેઈ, મિર્ચાયુક્લિડ

(D) રામચંદ્ર મંગરાજ, રામઐતાળ, કોદંડરામ

38. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) જાપાનના પ્રવાસની કથા, શિન્ટો મંદિર, ડોરેમિકા નાટ્યગૃહ

(B) કરુણપ્રશસ્તિ, ૧૭ વર્ષની મૈત્રીનાં સ્મરણો, નરસિંહરાવ દિવેટિયા

(C) નાગર જ્ઞાતિની ઉત્પત્તિ, ૩૩ વર્ષની હકીકત, માતા નવદુર્ગા

(D) હોલાગુરુ, કાજીજી, તનમન

39. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ઇલિયડ, હોમર, મહાકાવ્ય

(B) મેકબેથ, શેકસપિયર, નાટક

(C) ધ ટ્રાયલ, કાફકા, નવલકથા

(D) સોન્ગ ઓવ સોલોમન, અનીતા દેસાઈ, કરુણપ્રશસ્તિ

40. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) દાદાભાઈ નવરોજી, જ્ઞાનપ્રસારક સભા, ભાષાવિમર્શ

(B) ક.મા. મુનશી, ભારતીય વિદ્યાભવન, સમર્પણ

(C) રણજિતરામ મહેતા, ગુજરાતી સાહિત્ય પરિષદ, પરબ

(D) મનઃસુખરામ ત્રિપાઠી, ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક

41. ધીરુ પરીખના ક્યા બે કાવ્યસંગ્રહો છે ?

a. અંગપચીસી

b. આગીયા

c. અક્ષરનું એકાંત

d. સ્વવાચકની શોધ

(A) (b) અને (d)

(B) (c) અને (d)

(C) (a) અને (b)

(D) (a) અને (c)

[redacted]

Prepp
Your Personal Exams Guide

42. રોમેન્ટિસિઝમના ક્યા બે ગુજરાતી પર્યાયો છે ?

a. સ્વૈરવાદ
b. ઉદ્રેકવાદ
c. રૂપપ્રધાન
d. સૌષ્ઠવરાગી

(A) (b) અને (d)
(B) (a) અને (b)
(C) (c) અને (d)
(D) (a) અને (c)

43. સુરેશ જોશીની કલાવિચારણાના બે મુખ્ય વિચારો કયા છે ?

a. કલા અહેતુક નિર્માણની પ્રક્રિયા છે.
b. કલાનો વિશેષ રૂપવિજ્ઞાનમાં છે, નવનિર્માણમાં છે.
c. કવિ પ્રશસ્તિ કરતો ભાટચારણ નથી કે નથી શબ્દદ્વારા પાનો ચડાવતો ‘ઢોલપીટું’
d. કવિતામાં અર્થની પ્રકટ યોજના પ્રવર્તતી હોય છે.

(A) (a) અને (b)
(B) (c) અને (d)
(C) (a) અને (c)
(D) (b) અને (d)

Prepp Your Personal Exam Guide

44. આકૃતિમૂલક વાક્યના ક્યા બે પ્રકારો છે ?

a. આવર્તક
b. અશ્લિષ્ટ યોગાત્મક
c. પ્રશ્લિષ્ટ યોગાત્મક
d. વિવર્તક વાક્ય

(A) (b) અને (c)
(B) (a) અને (b)
(C) (c) અને (d)
(D) (a) અને (c)

45. સંત સાહિત્ય સંશોધનક્ષેત્રે ક્યા બે સંશોધકોનું નોંધપાત્ર પ્રદાન છે ?

a. નિરંજન રાજયગુરુ
b. અમૃત પટેલ
c. જયાનંદ જોશી
d. નાથાલાલ ગોહિલ

(A) (a) અને (b)
(B) (c) અને (d)
(C) (b) અને (c)
(D) (a) અને (d)

[redacted]

46. રાસના ક્યા બે પ્રકારો છે ?
a. શ્રવણરાસ
b. દંડરાસ
c. મંડળરાસ
d. ભાવરાસ
(A) (a) અને (d) (B) (b) અને (c) (C) (a) અને (b) (D) (c) અને (d)

47. ભારતીય લેખિકાઓની કઈ બે કૃતિઓ છે ?
a. ગૃહભંગ
b. ન હન્યતે
c. જિંદગીનામા
d. ચેમ્મીન
(A) (a) અને (b) (B) (b) અને (d) (C) (b) અને (c) (D) (c) અને (d)

48. 'ખરા બપોર' વાર્તાસંગ્રહમાં કઈ બે વાર્તાઓ છે ?
a. લીલ
b. માટીનો ઘડો
c. પરિતોષ
d. ડેડ એન્ડ
(A) (a) અને (b) (B) (b) અને (d) (C) (b) અને (c) (D) (c) અને (d)

49. કઈ બે નાટ્યકૃતિઓ છે ?
a. મધર
b. ધ રોડ
c. વેઈન્ટિંગ ફોર ગોદો
d. એ રુમ ઑવ વન્સ ઓઉન
(A) (a) અને (b) (B) (c) અને (d) (C) (a) અને (c) (D) (b) અને (c)

50. 'ગુજરાતી સાહિત્ય પરિષદ' માં કયા બે મહિલાપ્રમુખે સેવા આપી છે ?
a. હિમાંશી શેલત
b. વિદ્યાગૌરી નીલકંઠ
c. હીરાબહેન પાઠક
d. ધીરુબહેન પટેલ
(A) (b) અને (d) (B) (a) અને (d) (C) (b) અને (c) (D) (c) અને (d)

Prepp
Your Personal Exams Guide

**51.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. વિવર્તલીલા | i. કાકાસાહેબ કાલેલકર |
| b. ઓતરાદી દીવાલો | ii. ઉમાશંકર જોશી |
| c. ઇશાનભારત અને આંદામાનમાં ટહુક્યા મોર | iii. સ્વામી આનંદ |
| d. બરફ રસ્તે બદ્રીનાથ | iv. નરસિંહરાવ દિવેટિયા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | iv | i | ii | iii |
| (C) | iv | iii | ii | i |
| (D) | ii | iii | i | iv |

**52.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. શબ્દાર્થૌ સહિતૌ કાવ્યમ્ | i. અભિનવગુપ્ત |
| b. રમણીયાર્થ પ્રતિપાદક શબ્દઃ કાવ્યમ્ | ii. વિશ્વનાથ |
| c. વાક્યં રસાત્મક કાવ્યમ્ | iii. જગન્નાથ |
| d. રસનૈવજીવતિ સર્વમ્ કાવ્યમ્ | iv. ભામહ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | iii | iv | i | ii |
| (B) | ii | iii | i | iv |
| (C) | i | ii | iii | iv |
| (D) | iv | iii | ii | i |

Prepp
Your Personal Exam Guide

**53.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. અનુઆધુનિકતાવાદ | i. પ્રમોદકુમાર પટેલ |
| b. ગુજરાતીમાં કાવ્યતત્વ વિચારણા | ii. સુંદરમ્ |
| c. વિવેચના | iii. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી |
| d. અવલોકના | iv. ચંદ્રકાંત ટોપીવાળા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | iv | i | iii | ii |
| (B) | i | ii | iii | iv |
| (C) | iv | iii | ii | i |
| (D) | iii | ii | iv | i |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**54.** સાચાં જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| a. | કરો કંકુના | i. | વ્યત્યય |
| b. | ભારજા | ii. | અપકર્ષ |
| c. | સાહસ | iii. | અર્થોત્કર્ષ |
| d. | બૂડવું | iv. | પ્રયત્નલાઘવ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | ii | i | iv | iii |
| (C) | iv | ii | iii | i |
| (D) | iv | iii | ii | i |

**55.** સાચાં જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| a. | ગુજરાતી અને મરાઠી સામાજિક નાટકો | i. | હિમ્મત ભાલોડિયા |
| b. | દલિત કથાવિમર્શ | ii. | શશિકલા ત્રિવેદી |
| c. | ગુજરાતી વિવેચનના કેટલાક સમ્પ્રત્યયો | iii. | જગદીશ દવે |
| d. | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કહેવતો..... | iv. | કાંતિ માલસતર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | iii | iv | i | ii |
| (B) | i | ii | iii | iv |
| (C) | iv | iii | ii | i |
| (D) | ii | iii | i | iv |

Prepp Your Personal Exams Guide

**56.** સાચાં જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| a. | ફળની વેરાએ ઊડિલો લઇ ગયો | i. | લોકગીત |
| b. | સરસ્વતીને તીરે | ii. | દુહા |
| c. | સ્વર્ગ ભુલાવું શામળા | iii. | લોકકથા |
| d. | રાજલ પાતળી | iv. | લગ્નગીતો |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | iv | iii | ii | i |
| (C) | iii | ii | i | iv |
| (D) | ii | i | iii | iv |

[redacted]

Prepp
Your Personal Exams Guide

**57.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. બાલકાંડ | i. પરશુરામનો પરાજય |
| b. કિષ્કિંધાકાંડ | ii. સમુદ્રઉડ્ડયન |
| c. સુંદરકાંડ | iii. લંકાદહન |
| d. યુદ્ધકાંડ | iv. સમુદ્રસેતુ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | iii | ii | i | iv |
| (B) | ii | iii | i | iv |
| (C) | iv | iii | ii | i |
| (D) | i | ii | iii | iv |

**58.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. સંગીત સાંભળવામાં રૂપ આડું આવતું નથી | i. માનવીની ભવાઇ |
| b. હૃદયનો પુરુષ હૃદયમાંથી ખસતો નથી | ii. પૃથ્વીવલ્લભ |
| c. વગર મુખીએ મુખીપણું કરશે | iii. દીપનિર્વાણ |
| d. ગતે મુંજે યશઃ પુંજે નિરાલમ્બા સરસ્વતી | iv. સરસ્વતીચંદ્ર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ii | i | iv | iii |
| (B) | iv | iii | ii | i |
| (C) | iii | iv | i | ii |
| (D) | i | ii | iii | iv |

**59.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. ધ ટ્રાયલ | i. રશિયન |
| b. ફોન્તામારા | ii. ઇટાલી |
| c. ધ રોડ | iii. જર્મની |
| d. નોટસ ફ્રોમ ધ અન્ડરગ્રાઉન્ડ | iv. આફ્રિકન |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | iii | ii | iv | i |
| (C) | iv | iii | ii | i |
| (D) | ii | iv | iii | i |

[redacted]

**60.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. રણજિતરામ સુવર્ણચંદ્રક | i. હરિલાલ દેસાઇ |
| b. નર્મદ સુવર્ણચંદ્રક | ii. ઝવેરચંદ મેઘાણી |
| c. કુમાર સુવર્ણચંદ્રક | iii. જ્યોતીન્દ્ર દવે |
| d. સાહિત્ય અકાદમી, દિલ્હી | iv. મહાદેવભાઈ દેસાઈ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ii | iii | i | iv |
| (B) | i | ii | iii | iv |
| (C) | iv | iii | ii | i |
| (D) | iii | ii | i | iv |

**61.** કાળક્રમમાં ગોઠવો.

a. કવીશ્વર દલપતરામ
b. મનોમુકુર
c. સ્નેહમુદ્રા
d. વેનચરિત્ર

(A) (b) (d) (a) (c)
(B) (c) (a) (b) (d)
(C) (a) (b) (c) (d)
(D) (d) (c) (b) (a)

**62.** કાળક્રમમાં ગોઠવો.

a. Tradition and Individual Talent
b. Universality : Essence of Arts
c. Theory of Imitation
d. Theory of Idea

(A) (d) (c) (b) (a)
(B) (c) (d) (b) (a)
(C) (a) (b) (c) (d)
(D) (b) (c) (d) (a)

Prepp
Your Personal Exams Guide

**63.** કાળક્રમમાં ગોઠવો.

a. કવિતાશિક્ષણ
b. પરિશીલન
c. પ્લેટો-એરિસ્ટોટલની કાવ્યવિચારણા
d. સાહિત્યવિચાર

(A) (a) (b) (c) (d)
(B) (d) (a) (b) (c)
(C) (c) (d) (a) (b)
(D) (d) (c) (b) (a)

**64.** કાળક્રમમાં ગોઠવો.

a. દ્વિવચન લુપ્ત થાય છે
b. 'ટ' અને 'ચ' વર્ગના વ્યંજનોનો અભાવ
c. મૂર્ધન્ય 'ષ' વિકસે છે
d. મધવર્તી 'લ ' નો 'ળ' થાય છે

(A) (c) (d) (a) (b)
(B) (a) (b) (c) (d)
(C) (b) (a) (c) (d)
(D) (d) (c) (b) (a)

**65.** કાળક્રમમાં ગોઠવો.

a. પદ્યરચનાની ઐતિહાસિક સમાલોચના
b. રણપિંગળ – ૧,૨,૩
c. બૃહતપિંગળ
d. પ્રાચીન ગુજરાતી છંદો : એક ઐતિહાસિક સમાલોચના

(A) (a) (b) (c) (d)
(B) (b) (a) (d) (c)
(C) (d) (c) (b) (a)
(D) (c) (d) (a) (b)

**66.** કાળક્રમમાં ગોઠવો.

a. ઝાંઝવા
b. વિષવિમોચન
c. પિયરનો પડોશી
d. માનુનીના શ્યામગુલાલ

(A) (a) (c) (b) (d)
(B) (a) (b) (c) (d)
(C) (d) (c) (b) (a)
(D) (c) (d) (a) (b)

[redacted]

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**67.** કાળક્રમમાં ગોઠવો.

a. જિંદગીનામા

b. ચેમ્મીન

c. દ્રૌપદી

d. ગૃહભંગ

(A) (c) (d) (a) (b)

(B) (d) (c) (b) (a)

(C) (a) (b) (c) (d)

(D) (b) (d) (a) (c)

**68.** કાળક્રમમાં ગોઠવો.

a. આઠોજામખુમારી

b. યાત્રા

c. અંગત

d. ભણકાર

(A) (d) (c) (b) (a)

(B) (a) (b) (c) (d)

(C) (d) (b) (c) (a)

(D) (b) (c) (d) (a)

**69.** કાળક્રમમાં ગોઠવો.

a. મોલીબ્લુમ

b. વ્લાદિમિર

c. મ્યૂરસો

d. રાકા

(A) (a) (b) (c) (d)

(B) (d) (c) (b) (a)

(C) (b) (c) (d) (a)

(D) (a) (b) (d) (c)

prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

**70.** કાળક્રમમાં ગોઠવો.

a. ગુજરાતી પત્રકારત્વનું સાહિત્યિક અને સામાજિક પ્રદાન

b. ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ

c. પત્રકારત્વના સિદ્ધાંતો

d. કલમના સિપાહી

(A) (c) (d) (a) (b)

(B) (d) (c) (b) (a)

(C) (a) (b) (c) (d)

(D) (b) (c) (d) (a)

**71.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : 'શર્વિલક' માત્ર અનુવાદ કે અનુકૃતિ નથી.

**R** : 'શર્વિલક'માં શર્વિલક અને મદનિકાનો પ્રસંગ વિકસાવ્યો છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**72.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : અન્વિતાભિધાનવાદી તાત્પર્યાર્થની આવશ્યકતા સ્વીકારે છે.

**R** : તેઓ અભિહિતાન્વયવાદી જેને તાત્પર્યાર્થ કહે છે તેને વાક્યાર્થ કહે છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**73.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : કવિતા કેવળ વિચારપ્રધાન હોય એટલે બસ.

**R** : વિચારતત્વમાં કાવ્યનાં બધાં તત્વોનો સમાવેશ થાય છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**74.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : ખોંખારો, ઉધરસ, છીંક, ઘુરકવું ભાષાના ધ્વનિઘટકો છે.

**R** : આ ધ્વનિઘટકો અર્થભેદક છે, સ્વૈચ્છિક છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

[redacted]

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

**75.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : પ્રત્યેક સંશોધન અહેવાલમાં ઉત્કલ્પના હોવી જ જોઈએ.

**R** : ઉત્કલ્પના રજૂ કરવાથી સંશોધન અહેવાલની શાસ્ત્રીયતા વધે છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**76.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : નવલિકા નવલકથાનું ટૂંકાવેલું રૂપ છે.

**R** : નવલિકા અને નવલકથા બન્ને કથા સાહિત્યના પ્રકારો છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**77.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : 'ચેમ્મીન'માં કુરુત્તમ્માના લગ્ન પલની સાથે થાય છે.

**R** : પલની ધનાઢયનો પુત્ર હતો.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**78.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : 'કાન્હડદે પ્રબંધ'માં માધવ દેશદ્રોહી બની ખીલજીને ગુજરાત પર આક્રમણ કરવા આમંત્રણ આપે છે.

**R** : ગુજરાતના રાજા કરણઘેલો માધવના ભાઈની પત્નીને અંત:પુરમાં ઉપાડી લાવ્યો હતો.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**79.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : 'રાઈનોસરોસ'માં બેરેન્જર રાઈનોસરોસમાં રૂપાંતરિત થવાનો નિર્ધાર કરે છે.

**R** : નગરનાં બધાં જ રાઈનોસરોસમાં રૂપાંતરિત થઈ ગયા હતાં.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

**80.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A** : લોકપ્રિય સાહિત્યને ઉન્નતભ્રૂ વર્ગ સ્વીકારવામાં આનાકાની કરે છે.

**R** : એમના મતે લોકપ્રિય સાહિત્ય નિમ્નસ્તરનું છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, (R) સાચું છે.

**81.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : 'બાપાની પીંપર' એટલે પિતૃસત્તાક સમાજવ્યવસ્થાના હળવા-ગંભીર ચિત્રો.

**B** : કરુણપ્રશસ્તિ, ખંડકાવ્ય, ગઝલ, પ્રતિકાવ્ય જેવાં કાવ્યસ્વરૂપો સુધારક યુગમાં પૂર્ણ કલારૂપ પામ્યા હતાં.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.
(B) (A) અને (B) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (B) ખોટું છે.
(D) (A) ખોટું છે, (B) સાચું છે.

**82.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : 'નવ્યઈતિહાસવાદ' વિશે સ્ટીફન ગ્રીનબ્લાટે મહત્વની વિચારણા કરી છે.

**B** : 'સૌન્દર્યનિષ્ઠતાવાદ' ની ચર્ચા સુઝાન લેન્ગરે કરી છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.
(B) (A) અને (B) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (B) ખોટું છે.
(D) (A) ખોટું છે, (B) સાચું છે.

**83.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : દલપતરામે ભારતીય પ્રાચીન રસતત્વ અને કોલરિજ-હેઝલિટ વગેરે કલ્પનાવાદીઓએ સમજાવેલી કાવ્યપ્રક્રિયાનો સમન્વય સાધવાનો પ્રયત્ન કર્યો છે.

**B** : રા. વિ. પાઠકે કવિતામાં વ્યાપનતત્વ સંદર્ભે મંડળવ્યાપન, પ્રજાવ્યાપન અને જગતવ્યાપન જેવા ત્રણ પ્રકારો દર્શાવ્યા છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.
(B) (A) અને (B) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (B) ખોટું છે.
(D) (A) ખોટું છે, (B) સાચું છે.

**84.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : વિધ્યર્થકૃદન્તને 'સામાન્ય કૃદન્ત' તરીકે ઓળખવામાં આવે છે.

**B** : '-વ-' પ્રત્યયવાળું વિકારી કૃદંતરૂપ વિધ્યર્થકૃદન્ત છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.
(B) (A) અને (B) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (B) ખોટું છે.
(D) (A) ખોટું છે, (B) સાચું છે.

[redacted]

Prepp
Your Personal Exams Guide

**85.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : સંશોધન સત્યમાંથી તથ્ય સુધી જતી પ્રક્રિયા છે.

**B** : સંશોધનના અંતે સત્ય હાથ લાગ છે તે કામચલાઉ હોય છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.
(B) (A) અને (B) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે, (B) ખોટું છે.
(D) (A) ખોટું છે, (B) સાચું છે.

**86.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : ઉખાણું અને તેના ઉકેલ વચ્ચે પરસ્પર સંવાદિતા અને તર્કસંગતતા હોય છે.

**B** : રાસ કાવ્યસ્વરૂપમાં ચરિત્રકીર્તન પણ થતું હતું.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

**87.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : 'ગૃહભંગ'માં વિધવા નજમ્માના મુખમાંથી નીકળેલ એક શબ્દ ગૃહભંગનું કારણ બને છે.

**B** : 'માટીનો માનવી' ઓરિસ્સાના કૃષિ આધારિત ગ્રામજીવન પર આધારિત છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

**88.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : 'નવલશા હીરજી' અને 'હોહોલિકા' ભવાઈસ્વરૂપની કૃતિઓ છે.

**B** : 'અખેગીતા'માં શુદ્ધાદ્વૈતના સિદ્ધાંતની ચર્ચા કરવામાં આવી છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

**89.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : અર્થઘટનશાસ્ત્રને મૂળભૂતસંબંધ રસાનુભવ સાથે છે.

**B** : અર્થઘટનશાસ્ત્ર સાથે હાન્સગાડામેરનું નામ સંકળાયેલું છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

**90.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

**A** : વૈશ્વિકીકરણ આધુનિકીકરણનો આવિષ્કાર છે.

**B** : આધુનિકીકરણે 'વસુધૈવ કુટુમ્બકમ્'ના સુત્રને ચરિતાર્થ કર્યું છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે
(B) (A) અને (B) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (B) ખોટું છે
(D) (A) ખોટું છે, (B) સાચું છે

Prepp
Your Personal Exams Guide

નીચેના કાવ્યના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

નિરુદ્દેશે
નિરુદેશે
સંસારે મુજ મુગ્ધ ભ્રમણ
પાંશુ-મલિન વેશે.
ક્યારેક મને આલિંગે છે
કુસુમ કેરી ગંધ,
ક્યારેક મને સાદ કરે છે
કોકિલ મધુર-કંઠ
નેણ તો ઘેલા થાય નિહાળી
નિખિલના સહુ રંગ,
મન મારું લઇ જાય ત્યાં જવું
પ્રેમને સન્નિવેશે.
પંથ નહિ કોઈ લીધ , ભરું ડગ
ત્યાં જ રચું મુજ કેડી,
તેજછાયા તણે લોક, પ્રસન્ન
વીણા પર પૂરવી છેડી,
એક આનંદના સાગરને જલ
જાય સરી મુજ બેડી,
હું જ રહું વિલસી સહુ સંગને
હું જ રહું અવશેષે

-રાજેન્દ્ર શાહ

Prepp Your Personal Exam Guide

**91.** 'નિરુદ્દેશે' કાવ્યમાં 'પાંશુ-મલિન' શબ્દમાં 'પાંશુ'નો અર્થ શું છે ?
(A) કાટ (B) કાચ (C) કાળ (D) ધૂળ

**92.** 'કુસુમ કેરી ગંધ' પંક્તિમાં 'કેરી' શબ્દ વ્યાકરણની દ્રષ્ટિએ શું છે ?
(A) અનુગ (B) નામયોગી (C) સંજ્ઞા (D) સંયોજક

**93.** 'નિખિલનામાં......' 'નિખિલ' નો પર્યાય શબ્દ કયો છે ?
(A) વસુંધરા (B) અખિલ (C) વ્યોમ (D) અનિલ

[redacted]

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

94. 'નિરુદ્દેશે' શેની લીલાનું કાવ્ય છે ?

(A) ઇન્દ્રિપરાગ
(B) સ્વરરાગ
(C) તાલરાગ
(D) વ્યક્તિરાગ

95. 'હું જ રહું વિલસી સહુ સંગને હું જ રહું અવશેષે' – પંક્તિનો ભાવાર્થ શું છે ?

(A) આત્મ શ્લાઘા – આત્મરતિ
(B) આત્મિક – પરમઆત્મિક
(C) આત્મવિસ્તાર – આત્મકુંઠા
(D) આત્મવિલોપન – આત્મસાક્ષાત્કાર

નીચેના ગદ્યખંડના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

જીવન અને જગતનું એક વણલખ્યું સત્ય એ પરિવર્તન છે. કશું એકધાર્યું, બંધિયાર માણસને ગમ્યું નથી. સ્થગિત્તતા માણસને સદી નથી. ક્યારેક નવતા ખાતર પણ માણસ પરિવર્તન ઝંખતો હોય છે. આવાં પરિવર્તન એકાએક થતાં નથી. 'પરિવર્તન' કશાંક નવાં બળો, નવી સ્થિતિ તે મનુષ્યની સામે ધરે છે. બહુસંસ્કૃતિવાદની આખીય ભૂમિકામાં લગભગ વીસમી સદીના છઠ્ઠા દાયકાના અંતમાં આવેલું પરિવર્તન વિશેષ રૂપે રહ્યું છે. આ પરિવર્તનને આપણે સૌ 'ગ્લોબલ' રૂપે ઓળખીએ છીએ. વૈશ્વિકીકરણનું – ગ્લોબલનું – એ પૂર સમથળ નહિ, નર્યા ઉછાળવાળું પ્રચંડ હતું. યંત્રો પછી યુદ્ધો વળી પાછું વિજાણુંયંત્રોનું એક નવું રૂપ – આ બધું માણસના બધા જ રંગઢંગને બદલી નાખે છે. કમ્પ્યુટર, મોબાઈલ, ટી.વી., કોલ સેન્ટર, ઈન્ટરનેટ વગેરેએ માનવની આખી મન:સ્થિતિને, તેના જીવન-જગતના વિભાવને આમૂલ બદલી નાખ્યો, જગત સાંકડું બન્યું, સાથે હૃદય સાંકડું બન્યું. એ મોટો અભિશાપ પણ તેના ફાળે આવ્યો. ભૌતિક સુવિધાઓ દઢાતી ગઈ તો ચિત્તની દુવિધાઓમાં સતત ગુણાકાર થતો રહ્યો. તેની સામે આવેલી આર્થિક દુર્દશા અને વ્યાપક મંદીનું વાતાવરણ તેને 'અર્થ' ઉપર કેન્દ્રિત કરે છે. કહો કે તે પણ એક 'ચીજ' બને છે. તે પણ 'બજાર'નો એક અવિયોજ્ય અંશ બની રહે છે. 'લોકલ'ને પેલા 'ગ્લોબલ' સાથે જોડાયા સિવાય જીવન દોહ્યલું બન્યું. નવા સમૂહ માધ્યમોએ બ્રહ્માંડને નર્યું હ્રસ્વ કરી દીધું. વ્યક્તિચેતના અને વિશ્વચેતના વચ્ચેનો નવા રૂપે સંબંધ સ્થપાય છે. નૈતિક મૂલ્યોમાં આવેલી ઓટ, સંવેદનબધિરતા 'અર્થ' પાછળનું પાગલપણું – માણસના ચૈતન્યને સાવ પાંખું બનાવી મૂકે છે. જાતિ –વંશ – વગેરેના ભેદભાવો વિનાના નિરામય મનુષ્યની કલ્પના કરતા હોઈએ તો આપણી સમક્ષ એક વિકલ્પ બચે છે.

બહુસંસ્કૃતિનો – Multiculture નો. 'ગ્લોબલ'ની પગલીઓમાં પોતાની પગલી પાડતો આ બહુસંસ્કૃતિવાદ આવી પહોંચે છે. 'ગ્લોબલ' એક નવા જ માણસને વિશ્વના રંગમંચ ઉપર લાવી રહે છે.

[redacted]

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**96.** 'બહુસંસ્કૃતિવાદ'ના પાયામાં શું જોવા મળે છે ?
(A) વ્યક્તિત્વહ્રાસ
(B) આમૂલ પરિવર્તન
(C) બાધકબળ
(D) સંસ્કૃતિનો હ્રાસ

**97.** 'પરિવર્તન' ક્યાં સ્તરે થયું છે ?
(A) વોકલ
(B) લોકલ
(C) લીગલ
(D) ગ્લોબલ

**98.** 'દોહ્યલું' શબ્દ ક્યાં પ્રકારનો છે ?
(A) તત્સમ્
(B) તદ્ભવ
(C) દેશ્ય
(D) અર્ધતત્સમ

**99.** 'વૈશ્વિકીકરણ' નું નિષેધાત્મક પાસું કયું છે ?
(A) નૂતન જગત
(B) ભૌતિક સુવિધામાં વધારો
(C) સમૂહમાધ્યમોમાં ઉછાળ
(D) જીવનમાં યાંત્રિકતા

**100.** આદર્શજીવનની કલ્પનાનો પર્યાય કયો છે ?
(A) બહુવાદ
(B) બહુવિજ્ઞાન
(C) બહુચિંતન
(D) બહુસંસ્કૃતિ

Prepp Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Space for Rough Work

SEAL